**સ્પે.દિ.મુ.નં.૨૧૭/૨૦૧૨**

## –:: આંક–૫ નીચે હુકમ ::–

(૧) વાદીએ હાલનો દાવો દાખલ કરી ઓર્ડર–૩૯ રુલ–૧–ર તથા સી.પી.સી.કલમ–૯૪ તથા ૧૫૧ નીચે આંક–૫ થી હંગામી મનાઈ હુકમની અરજી દાખલ કરતાં વંચાણે લીધી. અરજીની હકીકત અરજીમાં હોઈ તે સંબંધે વધુ નોંધ કરવામાં આવતી નથી. પરંતુ આંક–૫ લગત વાદીએ દાદ માંગેલ છે કે, મોજે ઉના તાલુકાના ઉના ગામની સીમની ખેતીની જમીન રે.સ.નં.૧૮૭ પૈકી એકર ૦૧–૨૦ ગુંઠા તથા સ.નં.૬૦૩ પૈકી એકર ૦૦–૦૪ ગુંઠા મળી કુલ એકર ૦૧–૨૪ ગુંઠા દાવાવાળી વાદીની જમીનમાં હદમાં પ્રતિવાદીઓ જાતે કે તેના માણસો, મજુરો, કુટુંબીજનો, સગા સંબંધીઓ કે અન્ય મારફતે પ્રવેશ કરે નહી કે કરાવે નહી અને વાદીને તથા તેમના સગા સંબંધીઓને કે તેઓના કુટુંબીજનોને કે તેઓના માણસો, મજુરોને પ્રતિવાદીઓ સદરહુ દાવાવાળી જમીનમાં પ્રવેશ કરતા તથા ખેતીનું કામકાજ કરતા અટકાયત, અવરોધ કરે નહી કે કરાવે નહી કે બળજબરીપુર્વક વાદી પાસેથી કબજો પડાવે નહી તેવો હંગામી મનાઈ હુકમ આ કામના પ્રતિવાદીઓ સામે આ દાવામાં આખરી નિકાલ સુધી આપવા હુકમ કરવા તથા વાદીને તેમની હંગામી મનાઈ હુકમની અરજી સંબંધી મળી શકતી કાયદેસરની અન્ય તમામ દાદ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે દાવાની પ્રોસેસ પ્રતિવાદીઓને બજી જતાં તેઓએ પોતાના વકીલશ્રી મારફતે અદાલતમાં હાજર થઈ વાદીની આંક–૫ ની અરજીનો જવાબ પ્રતિવાદી નં.૧ થી ૮ નાઓએ આંક–૧૮ થી તેમજ પ્રતિવાદી નં.૧૩ નાઓએ આંક–૧૯ થી રજુ રાખેલ છે, જેમાં તેઓએ વાદીની આંક–૫ ની અરજીની મોટા ભાગની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, આ દાવાવાળી જમીન પ્રથમથી પ્રતિવાદીઓની માલીકી, કબજા ભોગવટાની આવેલી હતી જેનો માલિક તરીકે ઉપયોગ, ઉપભોગ કરતા હતા. મતલબ કે તે ખેડતા, વાવતા, ઉપજ લેતા હતા જે હકીકત વાદી પ્રથમથી જ જાણતા હતા તેમ છતા કયારેય પણ વાદી દ્વારા કોઈપણ પ્રકારનો વાંધો વિરોધ કરવામાં આવેલ નથી. આમ લગભગ છવ્વીસ વર્ષ બાદ હાલનો આ દાવો લાવી દાવાવાળી જમીન સંબંધેની તેઓની માલિકી તથા કબજા ભોગવટા અંગે તકરાર ઉભી કરવામાં આવી

છે. વાદીએ હાલનો આ દાવો સને–૧૯૮૬ ના કહેવાતા દસ્તાવેજને આધાર બનાવી કરેલ છે, પરંતુ તે દસ્તાવેજ ખરો નથી, કાયદેસરનો નથી. બનાવટી અને ફોર્ઝડ એન્ડ ફેક છે તે તેઓએ કરેલ નથી કે તેમાંની સહીઓ પણ પ્રતિવાદી નં.૧ કે તેઓના ભાઈ મહંમદ આલમની નથી, તે કહેવાતો દસ્તાવેજ વાદીએ તદન ખોટો ઉભો કરેલ છે. વાદીએ કહેવાતા દસ્તાવેજને આધાર બનાવી હાલનો આ દાવો કર્યો છે. જેનાથી પણ વાદીને કોઈ કહેવાતો હકક, અધિકાર આ દાવાવાળી જમીનમાં કયારે પ્રાપ્ત થયેલ નથી કે થતો નથી. વાદીએ દાવાના કામમાં જે ડીકલેરેશન માંગેલ છે તે પણ કાયદા મુજબ નથી કે કાયદેસર નથી. પ્રથમ તો વાદીએ આ દાવાવાળી જમીન પોતાની માલિકી તથા કબજા ભોગવટાની છે તેવુ ડીકલેરેશન માંગવુ જોઈએ. આ દાવાવાળી જમીન તેઓની માલિકી તથા કબજા ભોગવટાની હતી. દાવાવાળી જમીનનો વાદીનો કયારે પણ કબજો હતો, નહી કે છે નહી આ દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડમાં પણ તેઓના નામે તથા ખાતે ચાલે છે. જેની વિઘોટી તથા મહેસુલ પણ તેઓ ભરપાઈ કરે છે. આ દાવાવાળી જમીન તેઓની માલિકી કબજા ભોગવટાની હોય તા.૧૯/૧/૨૦૧૨ ના રોજ તેઓએ હકક અને અધિકારની રૂએ પ્રતિવાદી નં.૧૩ પાસેથી રૂા.૧૩૦૮૧૦૦/– અવેજના સ્વીકારી રજી.દસ્તાવેજ નં.૧૭૩ થી વેચાણ કરી તેનો પ્રત્યક્ષ કબજો પણ પ્રતિવાદી નં.૧૩ ને સોંપી આપેલ છે, જે હાલ પ્રતિવાદી નં.૧૩ ના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે. આમ આ દાવાવાળી જમીનના પ્રતિવાદી નં.૧૩ ના તા.૧૯/૧/૨૦૧૨ ના રોજ માલિક અને કબજેદાર બનેલા છે અને તેઓ દાવાવાળી જમીનનો ઉપયોગ ઉપભોગ કરે છે. ઉપરોકત તમામ હકીકતો જણાવી વાદીની વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની અરજી રદ કરવા જવાબના અંતમાં અરજ ગુજારેલ છે.

(૩) આ કામે આંક–૩ ના લીસ્ટથી વાદી તર્ફે માર્ક–૩/૧ થી માર્ક–૩/૬ સુધીના દસ્તાવેજી આધારો રજુ થયેલા છે તેમજ આ કામે આંક–૪૭ ના લીસ્ટથી પ્રતિવાદી તર્ફે માર્ક–૪૭/૧ થી ૪૭/૮ સુધીના દસ્તાવેજી આધારો રજુ થયેલા છે.

(૪) ઉપરોકત પક્ષ નિવેદનોના આધારે મારા નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, સગવડતાની સમતુલા તેઓના લાભમાં છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, તેઓને માગ્યા મુજબનો કામચલાઉ હંગામી મનાઈ હુકમ આપવામાં ના આવે તો તેઓને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે ?

૪. શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

**મુદા નંબર–૧** હકારમાં.

**મુદા નંબર–૨** હકારમાં.

**મુદા નંબર–૩** હકારમાં.

**મુદા નંબર–૪** આખરી હુકમ મુજબ.

(૬) આ કામે વાદીઓ તરફે આંક–૪૬ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે તથા આ કામના પ્રતિવાદી નં.૧૩ તર્ફે આંક–૪૮ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લીધેલ છે જેની ચર્ચા જરૂર પડયે હું મારા કારણોમાં કરીશ.

**–: કા ર ણો :–**

(૭) **મુદા નંબર–૧ થી ૪ સાથે.**

આ કામે ઉપરોકત તમામ મુદાઓ એકબીજાને સંલગ્ન હોઈ પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી તમામની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૮) આ કામે પક્ષકારોના પ્લીડીંગ્સ, પક્ષકારો તર્ફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો તેમજ પક્ષકારો તરફે રજુ થયેલ લેખિત દલીલો તથા ચુકાદાઓ ધ્યાને લેતાં, સદર કામે માર્ક–૩/૫ થી રજુ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૯૦૫, તા.૩૦/૫/૮૬ નો જોતાં સર્વે નં.૧૮૭ પૈકી એ.૧–૨૦ ગુંઠા તથા તેની લાગુની જમીન સર્વે નં.૬૦૩ પૈકી એ.૦–૦૪ ગુંઠા મળી કુલ એ. ૧–૨૪ ગુંઠા ઉત્તરાદા ભાગેની લાગુની જમીનનું વેચાણ મહેમુદ આલમ કુરેશી તથા હામદ આલમ કુરેશીનાઓએ હામાભાઈ મેઘાભાઈને કરેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં સદર દસ્તાવેજમાંથી ઉત્તરાદા ભાગની એ.૧–૨૪ ગુંઠા જમીનનો કબજો પણ વેચનારાઓએ ખરીદનાર એટલે કે હામાભાઈ મેઘાભાઈને સોંપી દીધેલ હોવાનું પણ ફલિત

થાય છે, જેથી સદર દસ્તાવેજ આધારે વાદી દાવાવાળી જમીનનો કબજો ધરાવતા હોવાની હકીકતને હાલના તબકકે સમર્થન મળે છે.

વધુમાં પ્રતિવાદીઓ તરફથી જે બચાવ લેવામાં આવેલ છે કે, વાદીએ કહેવાતો દસ્તાવેજ તદન ખોટો ઉભો કરેલ છે તો તે હકીકત હાલના તબકકે પુરાવો લીધા વગર માની શકાય તેમ નથી.

વધુમાં પ્રતિવાદી નં.૧૩ તરફથી જે બચાવ લેવામાં આવેલ છે કે વાદીએ જે દસ્તાવેજ રજુ કરેલ છે તે કાયદાથી પ્રતિબંધિત છે મતલબ કે વોઈડ છે તો તે હકીકત પણ હાલના તબકકે પુરાવો લીધા વગર માની શકાય તેમ નથી.

વધુમાં પ્રતિવાદી નં.૧૩ તર્ફે સ્પે.સીવીલ એપ્લી.નં.૧૩૩૫/૯૧, અરવિંદ એન.પટેલ વિરૂધ્ધ સવિતાબેન ચતુરભાઈ પ્રભુદાસનો જે ચુકાદો રજુ કરવામાં આવેલ છે તે ચુકાદાની સ્થિતિ તથા સંજોગો હાલની અરજીની સ્થિતિ તથા સંજોગો કરતા જુદા હોય તેમજ પ્રતિવાદીઓ તર્ફે રજુ બચાવ પુરાવો લીધા વગર હાલના તબકકે માની શકાય તેમ ન હોય, સદર ચુકાદો પ્રતિવાદીઓની દલીલોને સમર્થન આપતો નથી.

આમ, આ કામે ઉપરોકત કરેલ ચર્ચાના અંતે વાદીએ દાવાવાળી જમીન રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદેલ હોય અને તે રજીસ્ટર્ડ દસ્તાવેજ આજની તારીખે પણ અમલમાં હોય દાવાવાળી જમીન વાદીના કબજા ભોગવટામાં હોવાની હકીકત હાલના તબકકે માની શકાય તેમ છે. જેથી વાદીઓ પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરતા હોય, સગવડતાની સમતુલા પણ વાદીઓના લાભમાં જણાતી હોય અને વાદીઓને માગ્યા મુજબનો હંગામી મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન હાલના તબકકે થાય તેમ હોવાનું જણાતુ હોય, ઉપરોકત સમગ્ર ચર્ચાના અંતે મુદા નં.૧ થી ૩ નો જવાબ વાદી તર્ફે હકારમાં આપી મુદા નં.૪ માટે છેવટનો નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

વાદીની આંક–૫ ની અરજી મંજુર કરવામાં આવે છે.

મોજે ઉના તાલુકાની ઉના ગામની સીમની ખેતીની જમીન રે.સ.નં.૧૮૭ પૈકી એ.૧–૨૦ ગુંઠા તથા સર્વે નં.૬૦૩ પૈકી એ.૦–૦૪ ગુંઠા મળી કુલ એ.૧–૨૪ ગુંઠા દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ જાતે કે તેના માણસો, મજુરો, કુટુંબીજનો,

સગા–સંબંધીઓ કે અન્ય મારફતે પ્રવેશ કરવો, કરાવવો નહી અને વાદીને તથા વાદીના સગા–સંબંધીઓ કે કુટુંબીજનોને કે માણસોને, મજુરોને પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનમાં પ્રવેશ કરતા તથા ખેતીનું કામકાજ કરતા અટકાયત, અવરોધ કરવી, કરાવવી નહી કે બળજબરીપુર્વક વાદી પાસેથી કબજો પડાવવો નહી તેવો હંગામી મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ તેમજ વાદીના લાભમાં દાવાના આખરી નિકાલ સુધી ફરમાવવામાં આવે છે.

ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ મારી સહી કરી ખુલ્લા ન્યાયાલયમાં જાહેર કર્યો.

સ્થળ : ઉના **(ખુશબીરસીંગ ઈશ્વરસીંગ બગ્ગા)**
તારીખ : ૧૧/૫/૨૦૧૮ બીજા એડીશ્નલ સીની.સીવીલ જજ,ઉના.
કોડ નં. જી. જે. ००૯७०